સને ૧૯૧૨.

નવા ધોરણ પ્રમાણે રાજકિય, ઔદ્યોગિક અને સામાન્ય ભૂગોળ.

ખંભાત સંસ્થાનની ભૂગોળવિદ્યા.

લખી છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર દામોદર હિરાલાલ શાહ.

ત્રણ દરવાજા—ખંભાત.

કીંમત ૦-૧-૦

છાપનાર—લલ્લુભાઈ.

હિઝહાઇનેસ નેક નામદાર નવાબ સાહેબ


જાફરઅલ્લી ખાનજીનું યશોગાન.

જુગ જુગ જાફરઅલ્લીખાન, જીવો જશ પામીનેરે;
હિતકર મંત્રી માધવરામે, સહિત વિરામીનેરે. જુગજુગ ધ્રુવપદ.
સારાસાર સમસ્ત વિચારે, જાણું છતાં ઝાઝું ન ઉચારે;
જપે નિરંતર અંતર, અંતરયામીનેરે. જુગ જુગ. ૧
મોહ રહિત ચિત્તને મિતભાષી શાન્ત અને એકાંત નિવાસી;
મનોવૃત્તિ છે મળતી, શિવ કે સ્વામીનેરે. જુગ જુગ. ૨
પુત્ર સમાન પ્રજા ગણી પાળે, કરનો ડર ન લહ્યો કોઇકાળે;
કેવળ છે ભય કપટી કાફર કામીનેરે જુગ જુગ. ૩
સહૃદય હૃદય નય વિનય સમન્વિત, ઉચરે કંઇન અહિત કે અનુચિત;
તાડન ન કરે તૃણ પણ કદી ઉગામીનેરે. જુગ જુગ ૪
નવી નવી શાળાઓ સ્થાપે, શુભ શિક્ષણ શિક્ષક જ્યાં આપે;
પંડિત કરવા પૌર અને પરગામીનેરે. જુગ જુગ. ૫
જાતિભેદ મહિપે તજી મનથી, યજુર્વેદ શાળાને ધનથી;
મદદ કરી ટાળી વળી એ પણ ખામીનેરે. જુગ જુગ. ૬
ભુપ ભવો ભવ આવા મળજો, મનના સકળ મનોરથ ફળજો;
એમ કહી સૌજન વિનવે બહુ નામીરે. જુગ જુગ. ૭
કહે દયાશંકર એ રીતે, શાળાના બાળક સૌ પ્રિતે;
ઇચ્છે પ્રતિપળ પ્રભુપદ કમળ પ્રણામીનેરે. જુગ જુગ. ૮

કવિ—દયાશંકર રવિશંકર.
ખંભાયત.

ખંભાયત સંસ્થાનની ભૂગોળવિદ્યા.

સવારમાં સૂર્ય આપણને પહેલો વહેલો દેખાય છે, તે બાજુને પૂર્વ દિશા કહે છે. એજ સૂર્ય જ્યારે સાંજે સામી બાજુ આથમતો હોય છે, તે દિશાને પશ્ચિમ દિશા કહે છે. પૂર્વ દિશા ભણી મોઢું રાખી ઉભા રહીએ તો ડાબા હાથ ભણી ઉત્તર ને જમણા હાથ ભણી દક્ષિણ દિશા આવે છે.



પૂર્વ સનમુખ મ્હોં કરો, પાછળ પશ્ચિમ વીર;
ડાબે કર ઉત્તર ભણો, દક્ષિણ જમણે તીર.

એક બાજુ બીજી બાજુને જ્યાં મળેલી જણાય તેને ખૂણો કહે છે. જેમ ચાર દિશાઓ છે, તેમ ખૂણા પણ ચાર છે. પૂર્વ અને દક્ષિણ વચ્ચેનો અગ્નિ ખૂણો, તેમજ દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો નૈઋત્ય ખૂણો, ને પશ્ચિમ અને ઉત્તર વચ્ચેનો વાયવ્ય ખૂણો, ને ઉત્તર અને પૂર્વ વચ્ચેનો ઈશાન ખૂણો.

પૂર્વ અને દક્ષિણ થકી, અગ્નિ ખૂણો જાણ;
દક્ષિણ પશ્ચિમથી બને, તે નૈઋત્ય પ્રમાણ.
પશ્ચિમ ઉત્તર દીશથી, બને વાયવ્ય નિર્ધાર;
ઈશાન ઉત્તર પૂર્વથી, એમ ખૂણા છે ચાર.

જુઓ આપણે ત્રણ દરવાજા આગળ ઉભેલા છીએ, એના ઉપર સરકારે મોટું ઘડીઆળ મૂકેલું છે, તે વાગે છે ત્યારે બધા શહેરમાં સંભળાય છે ત્યાં આગળથી ઉત્તર બાજુએ જવાનો સાંઘો રસ્તો છે. તે તરફ આપણે પ્રથમ જઇએ. નજીકમાં હાઈસ્કુલનું મોટું મકાન છે. તેમાં અંગ્રેજી સ્કુલ બેસે છે, ને જોડે ગુજરાતી સ્કુલ બેસે છે. વચ્ચેના ભાગમાં લાયબ્રેરી કે જેમાં સારાં સારાં પુસ્તકોનો સંગ્રહ કરેલો છે તે છે. ત્યાંથી ઉત્તર તરફ આગળ જઇએ તો ચિતારાનું મોટું બજાર આવે છે. કેટલાક લોક તેને ચૌટું પણ કહે છે. ત્યાં નાણાવટીઓ, દોશીવાણીઆ, મીઠાઇવાળા, વગેરે જુદા જુદા સામાનવાળાઓની દુકાનો છે. ત્યાંથી આગળ દાણાબજાર આવે છે, ત્યાં નેસ્તી લોકોની દુકાનો છે. ત્યાંથી આગળ મંડઇ, પીઠ, ને પછી લાલ દરવાજો આવે છે. મંડઇ આગળ સરકારે એક મોટી નિશાળ બાંધી છે, ત્યાં મુખ્ય સ્કુલ બેસે છે. જેમ ત્રણ દરવાજાથી લાલ દરવાજા સુધી સીધો રસ્તો છે, તેમ ત્રણ દરવાજાથી દક્ષિણ ભણીને રસ્તે જતાં નજીકમાં હોસ્પીતાલ આવે છે. ત્યાંથી આગળ જેલ આવે છે, જેમાં કેદીઓ રહે છે. ત્યાંથી આગળ જુમામસીદ આવે છે, ને પછી મકઇ દરવાજો આવે છે. આ રસ્તો શહેરના બે ભાગ પાડે છે. એક પૂર્વ બાજુનો ભાગ, ને બીજો પશ્ચિમ બાજુનો ભાગ. પૂર્વ બાજુના ભાગમાં બ્રાહ્મણ, વાણિયા, વગેરે લોકોની વસ્તી છે, ને પશ્ચિમ બાજુના ભાગમાં ઘણે ભાગે મુસલમાન અને કણબી લોકોની વસ્તી છે.

ગામની વસ્તી. ઇ. સ. ૧૯૧૧ના વસ્તીપત્રક મુજબ ૨૮૦૨૯ માણસની વસ્તી છે. તેમાં હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તિ, વગેરે છે. હિંદુની વસ્તી વિશેષ છે. અસલ મુસલમાનની વસ્તી ઘણી હતી,

છતાં હાલ પણ વસ્તીનો મોટો ભાગ મુસલમાનોનો છે. હિંદુઓમાં બ્રાહ્મણ, વાણીઆ, અને કણબીની વસ્તી વધુ છે. બ્રાહ્મણોમાં ઘણી જાતો છે તે પૈકી ઔદીચ ટોળકીઆની વસ્તી સૌથી મોટી હોવાથી તે નાતના પરગામના માણસો ખંભાતને ટોળકીઆની વિલાયત કહે છે. અત્રેના અગરમાં જ્યારે મીઠું પાકતું હતું ત્યારે માછીઓના વસ્તી પણ ભારે હતી તે મીઠું પકવવું બંધ થયા પછી કમી થતી ગઇ છે, અને હાલ છેક ઓછી થઇ ગઇ છે. તે લોકો ધંધાને માટે પરગામ ઘણા રહે છે. શહેરમાં ઘણે ભાગે લોકો પોતપોતાના જથામાં રહે છે. પાંચ પચાશ ઘરના જથ્થાને મોહોલ્લો, પોળ, શેરી, ખડકી, કે ફળીઉં કહે છે. ઘણા ફળીઆના જથાને લત્તો કહે છે. મુખ્ય લત્તામાં અલીંગનું ચકલું, ધોબી ચકલું, ગોવારાનું ચકલું, પીઠનું ચકલું, મંડઇનું ચકલું, પીરજપોરનું ચકલું, ને હાટડીનું ચકલું એ મુખ્ય છે. આ બધા લત્તા ભેગા મળવાથી ખંભાયત શહેર થયું છે.

શહેરની વાખ્યા.

જે ગામમાં વધારે વસ્તી હોય અને તેનો મોટો ભાગ વેપાર તથા કારીગરી ઉપર ગુજરાન ચલાવતો હોય તેને શહેર કહે છે.

ખંભાયત શહેરને ફરતો ગોળાકાર કોટ છે, તે હાલ કેટલેક ઠેકાણે પડી ગયેલો છે. કોટને બાર દરવાજા હતા; તેમાંના હાલ કેટલાક કાયમ છે. સૌથી મોટો દરવાજો પૂર્વમાં ગવારાનો છે. ત્યાં આગળ કસ્બાના તલાટીનો ચોરો છે, ને નજીકમાં શાકમાર્કીટ શેપર્ડ માર્કીટ છે. ત્યાંથી આગળ ઓરવાડ આવે છે, ત્યાં થઇને સ્ટેશનપર જવાય છે. ઓરવાડ આગળ પ્રથમ એક દરવાજો હતો, તે હાલ પડી ગયેલો છે. ત્યાંથી આગળ નગીનાવાડી આવે છે, ત્યાં આગળ વહોરા લોકોનું કબ્રસ્તાન છે. ત્યાંથી આગળ જતાં શહેરની ઉત્તર બાજુએ લાલ

દરવાજો આવે છે. ત્યાં આગળથી નારેશ્વર તળાવ ઉપર જવાય છે. ત્યાંથી આગળ જતાં વાયવ્ય ખૂણે ફતેહ દરવાજો આવે છે. ત્યાં આગળ નજીકમાં ઇદગાનું મકાન છે, તેમ જૈન લોકોનું સદેવાળનું દેહરૂં છે. ત્યાંથી આગળ પશ્ચિમ બાજુએ ચકામલી દરવાજો છે, ત્યાં આગળ શેખાજીની વાવ છે. એ વાવના પાણીમાં એવો ગુણ છે કે જેને કોઢ થયો હોય તેને એના પાણીથી નવરાવે છે, તો આરામ થઇ જાય છે. ત્યાં આગળ પીરનારીએળી છે, ત્યાં ઘણા વહોરા લોકો જાય છે. ત્યાંથી આગળ જતાં નૈઋત્ય ખૂણે મહમદજી દરવાજો આવે છે. ત્યાં થઇને નેડે જવાય છે. ત્યાંથી આગળ જતાં ફુરજાનો દરવાજો આવે છે. ત્યાંઆગળ રાહદારી છે. ત્યાંથી થોડે દુર ખ્રિસ્તિ લોકોનું કબ્રસ્તાન છે, તેમ નજીકમાં હાથીને બાંધવાનુ હાથીખાનું છે. ત્યાંથી આગળ મક્કઇ દરવાજો આવે છે. તેની નજીકમાં અંદરના ભાગમાં દરબારનું મકાન તથા જુમામસીદ છે. ત્યાંથી આગળ બોઇ બારીનો દરવાજો છે. ત્યાંથી થોડે દુર અગ્નિ ખૂણે હિંદુ લોકોનું સ્મશાન છે પાસે દુર્ગંધમાતાનું સ્થાનક છે. ત્યાંઆગળ પહેલાં મીઠું પકવવાના અગર હતા. નજીકમાં શાબાન તળાવ તેમજ વાવ છે. ઉપરના ત્રણે દરવાજા શહેરની દક્ષિણ બાજુએ છે. ત્યાંથી દરિયાનો દેખાવ નજરે પડે છે. ત્યાંથી આગળ પાણીબારી દરવાજો આવે છે. તે શહેરની પૂર્વ બાજુએ છે, તેની સામે માદલાનું તળાવ છે. ત્યાંથી આગળ જતાં ગવારાનો દરવાજો આવે છે. ઉપર પ્રમાણે ઓરવાડ સિવાયના બધા દરવાજા હજુ કાયમ છે.

ખંભાયત શહેરમાં જાણીતી જગ્યાઓ.

૧. મકાનો—હાઇસ્કુલ, કેનેડી હોસ્પિતાલ, દરબાર, ન્યાયમંદિર, મુખ્ય નિશાળ, ઝનાના હોસ્પિતાલ, એ મકાનો જોવા લા.

પક છે અને નામદાર નવાબ સાહેબ બહાદુરના માતુશ્રી બહુ બેગમ સાહેબનું ધર્માદા દવાખાનું ચાલે છે, તેને સારૂ ગવારામાં સુશોભિત મકાન બંધાય છે. હાઇસ્કુલનું મકાન સર્વથી ઉંચું ને ઘણી સારી બાંધણીનું છે, તેથી તેના ઉપરથી શહેરનો દેખાવ આનંદમય લાગે છે. દરબારનાં મકાનો ગામને દક્ષિણ છેડે દરિયા કિનારે છે. જ્યાંથી દરિયાનો દેખાવ નજરે પડે છે. આ મકાનો બેડી બાંધણીનાં પણ વિશાળ અને સગવડ વાળાં છે, તથા દરબાર સભા આ મકાનોના નવાબ સાહેબના દિવાનખાનામાં ભરાય છે. ખાનગી મકાનોમાં વોહોરવાડનાં મકાનો જોવા જેવાછે. શહેરની અંદરનાં મકાનોમાં ત્રણ દરવાજા આગળ આવેલું શાન્તિભુવન સૌથી ચઢીઆતું ગણાય છે.

૨. દેવળો—હિંદુનાં દેવળોમાં, વૈશ્નવોનું મંદિર મોટું મંદિર એ નામથી ઓળખાય છે, તે તથા સ્વામિનારાયણનું મંદિર એ શહેરની અંદરના જાણીતાં મંદિરો છે. તથા માદલા તળાવ ઉપર રણછોડજીનું મંદિર, તથા મહંકાલેશ્વર મહાદેવ, ને અંબાજી માતાજીની જગ્યા પણ જાણીતી છે.

જૈન દેવળો. જૂના વખતથી ખંભાયત શહેર જૈનોની જાત્રાનું સ્થાન ગણાતું આવ્યું છે. જૈનોના દેરામાં પણ દરવાજા નજીક આવેલું ચિન્તામણીનું દેહેરૂં જોવાલાયક છે, તેમ ખાર વાડાનાં દેહેરાં પણ જુનાં અને જોવા જેવાં ગણાય છે. આ શહેરમાં જૈનોનાં ઘણાં દેહેરાં છુટક છુટક છે. ત્યાં વસ્તી કમી હોવાથી એક જગ્યાએ બધી પ્રતિમાઓ લાવી સારી રીતે સેવા કરવાના વિચારથી જીરાલા પાડામાં મોટું દેહેરૂં બાર વર્ષથી બંધાય છે.

મુસલમાનોની વસ્તી વધુ અને રાજ્ય મુસલમાની હોવાથી મસીદો બહુ છે. તેમાં જુમામસીદ જોવા લાયક છે પીરોની જગ્યાઓમાં અબુતાલેબ, બાલેશા, બાજીશા, બાબુશા, ફુલશક્કર, અને

ખાજા ખદર, એ જાણીતી જગ્યાઓ છે. તેમાં અબુતાલેબની જગ્યામાં દરવરસે ફાગણ સુદ ૧૫ ઉપર મેળો ભરાય છે. તે મેળામાં પાલણપુર તરફ રહેનારા ધાનધારી લોકો ઘણા એકઠા થાય છે ને તેઓ પોતાની કમાણીનો અમુક ભાગ હમેશાં આ જગ્યામાં ધર્માદા વાપરે છે. બાલેશાની માનતા ગોલા લોકોમાં ચાલે છે.

આ શહેર જુનું હોવાથી પારસીઓની અગીઆરી છે, તથા ખ્રિસ્તિઓની વસ્તી વધવાથી તેમનું દેવળ પણ સ્ટેશન નજીક બાંધવામાં આવ્યું છે.

૩. **તળાવો.** માદળાનું, નારેશ્વરનું, નૈડાનું, શાબાન, ને ગાંગડીઆનું તળાવ. મોટામાં મોટું તળાવ **નારેશ્વરનું** છે, તે ગામની ઉત્તર બાજુએ છે. તેને પૂર્વ કાંઠે ગોંસાઇજી માહારાજની બેઠક છે, ને ઉત્તર તેમજ પશ્ચિમ ભણી બાગો આવેલા છે, તેથી સારૂં શોભે છે. તેની નજીક અબુતાલેબ ને બાળેશાનું મકાન છે. આ તળાવમાં લૂગડાં ધોવા દેવામાં આવતાં નથી, તેથી તેનું પાણી સ્વચ્છ રહે છે, ને લોકો પીવાના કામમાં વાપરે છે. દશેરાને દિવસે સરકાર સ્વારી લાલ બાગમાં આવે છે, ત્યારે તળાવની વચ્ચો વચ્ચની બંગલી ઉપર અત્રેના જાણીતા શંભુ શેઠ તરફથી ધજા ચડાવવામાં આવે છે, અને તેમને સરકાર તરફથી તે વખતે સરપાવ આપવામાં આવે છે. એ તળાવથી આગળ કાંસ ખોદેલો છે, તેમાં સાબરમતી નદીનું પાણી આવે છે, તે કાંસમાં થઇને તળાવમાં આવે છે.

માદલાનું તળાવ ગામની પૂર્વ દિશાએ છે, તેના કાંઠાપર હિંદુ લોકોના દેવળો ઘણાં છે. એ તળાવ કલ્યાણરાય કરીને મંત્રી થઇ ગયા, તેમણે બંધાવેલું કહેવાય છે. તેમને માટે કહેવત છે કે,

માન સરોવર માદલું ને મહંકાળેશ્વરનો આરો;
દીંગલે પાંચશેર બાજરી તો, કલ્યાણરાયનો વારો.

એ તળાવને પડખે તેમજ અંદર વાવો ઘણી છે. હાલમાં એ તળાવનું પાણી ઢોરના પીધામાં અને નહાવા ધોવાના ખપમાં આવે છે. **નૈડાનું તળાવ** એ ગામની નૈઋત્ય ખૂણાપર આવેલું છે. ત્યાં આગળ એક મોટો કૂવો છે, તેપર સરકારે પવન ચક્રી મૂકેલી છે, તેમાંથી પાણી નીકળે છે. તે નળ મૂકીને રાહાદારીમાં અને ત્યાંથી દરિયામાં ધક્કો બાંધ્યો છે, ત્યાં સુધી લઇ ગયા છે. તેથી પીવાના પાણીનું ત્યાં સુખ થયું છે. એ તળાવને પશ્ચિમ કાંઠે ખાજા ખ્દર પીરની જગા છે. **શાબાન તલાવડી** અગ્નિ ખૂણાપર દરિયા કિનારે છે. તે તરફ સ્મશાન છે.

૪. **બાગો.** એડવર્ડ સેવન્થ મેમોરીઅલ બાગ. હુસેની બાગ. લાલ બાગ. પબ્લીક બાગ, દિલખુશ બાગ ને તેજાનો બાગ.

એડવર્ડ સેવન્થ મેમોરીઅલ બાગ સ્ટેશનની નજીક છે. તેમાં ફરતો ફુવારો મૂકેલો છે. નામદાર સાતમા એડવર્ડની યાદદાસ્તીને માટે આ બાગમાં પથ્થરનો નવો દરવાજો મોટા ખરચે બંધાવી ઘણો સુધારો કર્યો છે, તેથી શહેરના ઘણા લોકો આ બાગનો લાભ લે છે. **હુસેની બાગ** નારેશ્વર તળાવના ઉત્તર કિનારા ઉપર છે. એ સરકાર આલીના ભાઇ નજુમખાન સાહેબના તાબામાં છે. તેમાં લીલા વાંસ, દાડમ, જામફળ, લીલાં અંજીર વગેરે વનસ્પતિ સારી ઉછેરવામાં આવે છે. **લાલ બાગ** એ. ઉપરના બાગ નજીક છે. પરંતુ તળાવને પશ્ચિમ કિનારે છે. તેમાં પણ ઘણી જાતનાં ઝાડો ઉછેરવામાં આવેલાં છે. સરકાર તરફથી આ બાગમાં સભા ભરાય છે. શહેરના બીજા બાગો કરતાં આ બાગ જૂનો અને સગવડ વાળો હોવાથી સરકારી જનાનો અહીં ઘણીવાર આવે છે. ત્યારે લોકોને આ બાગમાં જવાની બંધી થાય છે. **પબ્લીક બાગ** એ પણ એની નજીકમાં દક્ષિણ બાજુએ પણ જરા દુર છે. પ્રથમના વખતમાં આ બાગ

સૌથી ઉત્તમ હતો તેમ તેમાં ઘણી જાતનાં ઝાડો હતાં તે વખતે મેમોરીઅલ બાગ નહિ હોવાથી શહેરના લોકો ત્યાં ફરવા જતા હતા. હાલ આ બાગમાંનાં લઇ જવાય તેવાં ઝાડો સ્ટેશન ઉપરના બાગમાં આણેલાં છે. **દિલખુશ બાગ** એ માદલાના તળાવની દક્ષિણ બાજુએ છે. તેમાં પણ દિલખુશ કરે તેવા નવાં નવાં ઝાડો ને છોડ ઉછેરવામાં આવે છે. તે બાગ સરકાર આલીના ભાણેજનો છે. **નેજાનો બાગ** શહેરથી આશરે એક ગાઉને છેટે છે એ બાગમાં નામદાર સરકારનો બંગલો છે. ત્યાં ઘણીવાર તેઓ સાહેબ રહે છે, તેની નજીક તળાવ છે, તે નેજાનું તળાવ કહેવાય છે, એ બાગમાં ઘણાં જુદી જુદી જાતનાં જાનવરો રાખવામાં આવેલાં છે.

૫. સ્ટેશન. આ જોવા લાયક જગ્યા ગામના ઇશાન ખુણાપર છે, તેમાં તાર માસ્તરનો, સ્ટેશન માસ્તરનો, વેટીંગરૂમનો, વગેરે જુદા જુદા હોલ કરેલા છે તેની સામે ગોદીનું મકાન છે, ત્યાંથી માલ ચઢે ઉતરે છે. આ સ્ટેશનેથી ત્રણ વખત ગાડી જાય છે, ને ત્રણ વખત આવે છે. તેની નજીક હાલમાં સરકારે ઉંચા દરજ્જાના મુસાફરોને ઉતરવાને એક ડાક બંગલો બાંધેલો છે, તેમજ બીજા સાધારણ લોકોને માટે એક ધર્મશાળા બાંધેલી છે. સ્ટેશનના કમ્પાઉન્ડમાં થોડે દુર એંન્જીનને રહેવા માટે જગ્યા બાંધેલી છે, તેમ તેને ફેરવવાને એક ચક્કર પણ બાંધેલું છે.

૬. રાહદારી. એ ગામની દક્ષિણ દિશાએ આવેલી છે. ત્યાંથી નજીક દરિયો આવેલો છે, તેને ખંભાયતનો અખાત કહે છે. પહેલાં રાહદારી નજીક વહાણો આવતાં હતાં, પરંતુ હાલમાં પુરાણ થવાથી વહાણો દુર રહે છે. પરમુલકથી વહાણ રસ્તે જે માલ આવે છે, તે ત્યાં રાખે છે, અને જે માલ ત્યાં રહે છે, તેના ઉપર જગાત લેવામાં આવતી નથી. તેમ સ્ટેશનથી આગગાડીને લંબાવીને

રાહદારી આગળ દરિયામાં જ્યાં વહાણો ઉભાં રહે છે ત્યાં સુધી લઇ ગયા છે. ત્યાં આગળ એક ડક્કો બાંધેલો છે. વહાણમાં જે માલ આવે છે, તે બધો ત્યાં ઉતરે છે. ને ત્યાંથી રેલવે મારફતે રાહદારીમાં આવે છે. તેમ પરદેશ ખાતે પણ જાય છે.

૭. પરાં. શહેરના કોટ બહાર વસેલા વસ્તીના જથાને પરૂં કહે છે. ખંભાયતને લગતાં ખાંજીઆ પરૂં, શકરપુર, મહેતપુર, મોસમપુર, માછીપરૂં, અને કતરપુર એ મુખ્ય પરાં છે. આ પરાંની વસ્તીનો મોટો ભાગ ખેડુતોનો છે.

૮. **વેપારનાં સાધન.** જૂના વખતમાં ખંભાયત બંદર વેપારને માટે અગત્યનું ગણાતું હતું. અંગ્રેજ લોકો ખંભાયતના બંદરેથી માલ ભરી વેપાર કરતા હતા. પરંતુ દરિયો પુરાનો જવાથી વહાણો દુર રહેતાં ગયાં, તેમ વેપાર ઓછો થતો ગયો, તે અડચણ ટાળવા સરકારે દરિયા ઉપર રેલવે આણી છે, ને વહાણો આવી શકે ત્યાં આગળ ડક્કો બાંધેલો છે, તેથી વહાણનો માલ થોડે ખર્ચે રાહદારીમાં લાવવાની અગર રેલવેને રસ્તે પરદેશ મોકલવાની સગવડ થઇ છે, વળી થોડા વખતમાં આગબોટ પણ ડક્કા સુધી આવશે, એવી આશા રહે છે. શહેરનો વેપાર વધારવાને સરકારની મદદથી એક મોટી મીલ ચાલે છે, ને તેને અંગે એક રંગશાળા પણ કાઢેલી છે, તેમજ શહેરમાં ખાનગી સાહસથી બે જીન ચાલે છે, તેમાંથી કાઢેલું રૂ પણ પરદેશ જાય છે. તે સિવાય આટો દળવાની મીલ, અકીકનાં કારખાનાં, શેત્રંજીનાં કારખાનાં, જાપાની હાથની સાળોનાં કારખાનાં તથા અસલી ઢબથી કાપડ હાથે વણવાની શાળોનાં કારખાનાં, એ શહેરના વેપારનાં અગત્યનાં સાધનો છે.

૯. **નીકાસ વેપાર**—અકીક તથા તારા મંડળ ઉપર કારીગરી કરીને તૈયાર કરેલો માલ એરીંગ, બટન, ચાકુ, તથા રમતની

બીજો, ફેરબાના દાણા, કાળું કાપડ અને શેત્રજી, તથા સાડીઓ ખંભાયતથી પરગામ જાય છે. તેમાં અકીક, તારામંડળ, ને કાળું કાપડ તો દેશ બહાર ઘણે દૂર જાય છે. ખાવાની વસ્તુઓમાં સુતરફેણી, મમરા, ખારીસેવો, હલવાસન, અને મેથીનાં ભજીઆં, એ વસ્તુઓ પરગામ ખાસ મોકલવામાં આવે છે. ચોપડામાં બાંધવાના કાગળો પહેલાં અહીં બનતા હતા, પરંતુ હાલમાં કોઇ બનાવતું નથી, છતાં અહીંનાં માણસો અમદાવાદ વગેરે ઠેકાણે જઇ ત્યાં રહી તેવા કાગળો બનાવે છે. તેને આજ પણ ખંભાતી કાગળો કહે છે.

૧૦. **આયાત વેપાર**—અનાજ, કાપડ, કરિયાણું, કેરોસીન તેલ, કાચનાં વાસણો અને દવાઓ વગેરે પરદેશથી આવે છે.

ખંભાયત અને તેની આજુ બાજુના બીજા ગામ મળીને ખંભાયત સંસ્થાન કહેવાય છે. કારણ કે અહીં રાજાનું રાજ્ય છે. અંગ્રેજ સરકારનો જે મુલક છે, તેના જીલ્લા બાંધ્યા છે. જીલ્લાના ઉપરીને કલેકટર કહે છે. ખંભાયતની નજીક ખેડા જીલ્લો છે, તેથી તે જીલ્લાનો કલેકટર ખંભાયત સંસ્થાનની દેખરેખ રાખે છે, તે વખતે તેઓ સાહેબ ખંભાયતના પોલીટીકાલ એજંટ કહેવાય છે.

સંસ્થાનની વ્યાખ્યા—દેશી રાજાનું એક મોટું રાજ્ય તે સંસ્થાન કહેવાય છે. આ રાજ્યની જમીન બે ભાગમાં વહેંચાયલી છે. પશ્ચિમ તરફના ભાગને બારૂં અને પૂર્વ તરફના ભાગને ચરોતર કહે છે. બારામાં કપાસ અને ઘઉંનો મુખ્ય પાક થાય છે, ને તે પરદેશ ખાતે જાય છે. તેમ ચરોતરમાં બાજરી, ડાંગર, કઠોળ, તલ, દીવેલી, તમાકુ, અળશી, વગેરે પાકે છે અને તે પર મુલક-ખાતે જાય છે.

આ સંસ્થાનનો વિસ્તાર ૩૫૦ ચોરસ મૈલ છે. ને વધારેમાં વધારે ઉત્તર દક્ષિણ લંબાઇ ખંભાયતથી તે નધાનપુર સુધી ૨૪

મૈલ છે, ને પૂર્વ પશ્ચિમ પહોળાઇ. સીકોતરા માતાથી તે જલ્લાસુધી ૨૦ મૈલ છે, તેમાં સને ૧૯૧૧ના વસ્તીપત્રક મુજબ ૭૨૭૬૫ માણસની વસ્તી છે, ને આશરે સાત લાખ રૂપીઆની ઉપજ છે.

નદીઓ—ગુજરાતની બે મોટી નદીઓ મહી અને સાબરમતી ખંભાયતની હદમાં દરિયાને મળે છે.

નદીની વ્યાખ્યા—મીઠા પાણીનો રેલો પર્વતમાંથી કે સરોવરમાંથી નીકળી ઢળતી જગ્યામાં વહી સમુદ્રને મળે છે તેને નદી કહે છે.

મહીનદી. માળવાના ડુંગરમાંથી નીકળી ખંભાયતના અખાતને મળે છે. તેના ઉપર મોટાં ગામ, ખંભાયત, વાસદ, લુણાવાડા, પાલી, વગેરે છે. **સાબરમતી નદી.** મેવાડના ડુંગરમાંથી નીકળી ખંભાયતના અખાતને મળે છે. તેના ઉપર અમદાવાદ, સાદરા, અને ખંભાયતના રાજ્યના ગલીઆણા, મીતલી, તરકપુર વગેરે ગામ છે.

અખાત—સમુદ્રનો ફાંટો લાંબો થઇને ઘણા ગાઉ સુધી જમીન ઉપર ગયો હોય તેને અખાત કહે છે. ખંભાયતનો અખાત એ અરબી સમુદ્રનો ફાંટો છે.

હવા—કુદરતી રીતે આ શહેર દરિયા કિનારે તેમજ સમશીતોષ્ણ કટિબંધમાં આવેલું હોવાથી બહુ તાપ તેમજ બહુ ટાઢ પડતી નથી. વરસાદ પણ માફકસર પડે છે. એટલે વધારે ૩૦ ઇંચ સુધી પડે છે. દરિયો પાસે હોવાથી હવા ભીનાશવાળી છે, પરંતુ હવા સારી ને લોકોની તંદુરસ્તીને ફાયદાકારક છે.

ભાષા—ગુજરાતી અને મુસલમાની એ બે ભાષા બોલાય છે. પ્રથમ અહીં ફારસી ભાષાનું માન વધારે હતું, પરંતુ હાલમાં તો અંગ્રેજી ભાષા ઉપર લોકોનું ધ્યાન વધારે છે, અને તેથી થોડા વખતમાં ઘણાં ગ્રેજ્યુએટો થયેલા છે.

ધર્મ—લોકો જુદી જુદી જાતના હોવાથી ઘણા ધર્મને માનનારા

અત્રેછે મુસલમાની લોકો મુસલમાની ધર્મ માનેછે, અને તે મહમદ પેગમ્બર સાહેબને માને છે. તેમાં શિયા અને સુન્ની એવા બે મતછે.

હિંદુ લોકોમાં ઘણા ધર્મ છે. તેમાં મુખ્ય શિવ વિષ્ણુ, સ્વામિનારાયણ, એ મુખ્ય છે. તે સિવાય નાનકશાહી, કબીર, વગેરે છે.

જૈન ધર્મ માનનારા પણ ઘણા છે, તેમાં પણ ઘણા મતો છે. ધોળાં કપડાં પહેરનારા ને પીળાં કપડાં પહેરનારા એવા બે મુખ્ય છે.

પારસીની વસ્તી જુજ છે ને તે જરથોસ્તી ધર્મ માને છે, તે આગને પૂજે છે.

વનસ્પતિ—અત્રે વરસાદ માફકસર હોવાથી તેમ ઋતુ નિયમિત હોવાથી ઘણી જાતની વનસ્પતિ થાય છે. આંબા, લીંબડા, વડ, પીપર, બોરડી, કોઠી, બાવળ, જમરૂખી, સીતાફલી, દાડમડી, આસોપાલવ, કેળ, ગુંદી, રાયણ, થોર, પીલુડી, તાડ વગેરે ઝાડો, તેમજ ગુલાબ, મોગરો, ચંબેલી, કેવડો, જાઇજૂઇ, કરેણ વગેરે ફૂલના છોડ, પણ ઘણા થાય છે. બાવળની નીપજ પુષ્કળ છે, ને તે બાળવાના કામમાં આવે છે. કેટલાક ફળાઉ ઝાડો હોવાથી કેરી, બોર, કોઠું, રાયણ, ગુંદા, જાંબુ, દાડમ, જામફળ, સીતાફળ વગેરે ફળો પુષ્કળ થાય છે, ને તે ઘણા સોંઘા મળે છે, ને પરદેશ જાય છે. તાડનાં ઝાડ ઉપર તાડફલી થાય છે, તે ખાવાથી સહેજ નિશો ચઢે છે, તે પરદેશ પુષ્કળ જાય છે. પાપડી, ગવાર, ચોળાફળી, દૂધી, ભીંડા, કારેલાં, ડુંગળી શકરીઆં વગેરે શાકની નીપજ પણ પુષ્કળ છે, ને તે પણ બહાર ગામ જાય છે.

જાનવરો. વસ્તીમાં રહેનારાં જાનવરો ગાય, ભેંસ, બળદ, બકરાં, ઘેટાં, ઘોડા, ઉંટ, કૂતરાં, બિલાડાં, ઉંદર વગેરે હોય છે તે સિવાય શિયાળવાંની વસ્તી પુષ્કળ છે. સસલાં થોડાં દીઠામાં આવે છે, તે સિવાય રોઝ નામે જંગલી બળદની જાત થાય છે, તે પણ જો-

વામાં આવે છે, ને તે નીલ ગાયમાંથી પેદા થાય છે. હિંસક પશુઓની વસ્તી આ ભાગમાં જણાતી નથી, છતાં બીડમાં કોઈ કોઇ વખત નહારની પજવણી થતી જોવામાં આવે છે. ઝેરી જાનવરોમાં સાપ, વીંછી, ઘો વગેરે માલમ પડે છે.

પક્ષી. વસ્તીની નજીક રહેતા પક્ષીઓમાં કાગડા, પોપટ, કબુતર, ચકલી, ખીસકોલી, ચામાચેળુ, વાગોળો, ઉપરાંત ચાસ, તીતર, શકરાબાજ, ગીધ, ઘુવડ, મોર, ચીબડી, કાબર, કોયલ વગેરે ઘણા પક્ષીઓ જોવામાં આવે છે.

ખંભાયત એક રેલવે સ્ટેશન છે. અહીંથી ગાડી ઉપડી ને આણુંદ જાય છે ત્યાં જતાં રસ્તામાં સાયમા, તારાપુર, નાર, પેટલાદ, અગાસ ને કરમસદ એ સ્ટેશનો આવે છે. આણુંદ સ્ટેશને અમદાવાદ ગોધરા, મુંબાઇ તરફથી આવતી ગાડીઓ ભેગી થતી હોવાથી આણુંદ જંકશન કહેવાય છે.

અહીંના રાજ્યકર્તાને નવાબ સાહેબ કહે છે. તેમનું નામ જાફરઅલીખાન સાહેબ છે. તેઓ મુગલ જાતના શિયા મુસલમાન છે. તેમને ૧૧ તોપોનું માન છે, ને હિઝહાઇનેસનો ખિતાબ છે. તેઓ વૃદ્ધ છે, અને તેમને ત્યાં આશરે એક વર્ષથી શાહજાદાનો મુબારક જન્મ થયો છે. નવાબ સાહેબનો જન્મ દિવસ તા. ૨ જી સવાલને રોજ અને શાહજાદા સાહેબનો જન્મ દિવસ તા. ૧૮ જમાદીલ અવલને રોજ છે, તે દીવસો રાજ્યમાં જાહેર તહેવાર તરીકે પળાય છે. તેઓ સાહેબ પોતાના અમલદારો મારફતે રાજ્યની સંભાળ રખાવે છે. સૌથી મોટા અધિકારી દિવાન સાહેબ છે. હાલના દિવાન સાહેબ માધવરામ હરિનારાયણ બારડોલીના રહીશ છે, ને જાતે બ્રાહ્મણ છે. તેમણે ઘણાં વર્ષથી રાજ્યની એકનિષ્ઠાથી સેવા બ-

જાણેલી હોવાથી તેઓ પ્રજામાં પ્રિય થઇ પડેલા છે. તેઓ બીજા બધા અધિકારીઓ ઉપર કાળજીથી દેખરેખ રાખે છે, અને બધા અધિકારીઓ પોતાના ખાતા ઉપર દેખરેખ રાખે છે.

રાજ્ય કારભાર સારી રીતે ચાલે તેને માટે નીચે પ્રમાણે ખાતાં પાડી રાજ્ય વ્યવસ્થા કરી છેઃ—

૧ રેવન્યુ ખાતું	૨ ન્યાય ખાતું	૩ પોલીસ ખાતું
૪ સુધરાઇ ખાતું	૫ જકાત ખાતું	૬ તોશાખાના ખાતું
૭ દવાખાના ખાતું	૮ કેળવણી ખાતું	૯ નોંધણી ખાતું
૧૦ જેલ ખાતું	૧૧ મીરઇમારતખાતું	૧૨ લોકલફંડ ખાતું
૧૩ લાયબ્રેરી ખાતું	૧૪ મોદીખાના ખાતું	૧૫ ગંજી ખાતું
૧૬ છાપખાના ખાતું	૧૭ પોસ્ટ ખાતું	૧૮ રેલવે ખાતું
૧૯ કસ્ટમ ખાતું		

રેવન્યુ ખાતું. આ ખાતાના ઉપરીને વહીવટદાર કહે છે. તેઓ ખેતરોના સરકાર હકના રૂપીઆ તલાટી, મુખી, મારફતે ઉઘરાવી તોશાખાને મોકલે છે. ને જમીનના કામને લગતી નાની તકરારોનો નીકાલ કરે છે. તેમની ઓફીસ કોઠીમાં છે.

(કોઠીનું મકાન ઈ. સ. ૧૬૬૧ માં અંગ્રેજ લોકોએ બંધાવેલું, ત્યારપછી ઇ. સ. ૧૮૩૫ માં ચાલીશ હજાર રૂપીએ મુંબઇના શેઠ ખરશેદજી પેસ્તનજી મોદીને વેચવામાં આવેલું, તેમની પાસેથી નવાબ સાહેબે એ મકાન વેચાણુ રાખેલું છે. તે ઘણું મોટું છે, તેમાં નીચેના ભાગપર રેવન્યુ કચેરી બેસે છે, ને બીજી બાજુએ ઘોડાની પાયગા છે, ને વેટરીનરી સર્જનનું જનાવરોનું દવાખાનું છે, ને નજીકમાં પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબની કચેરી છે. મકાનના ઉપરના ભાગમાં જ્યારે કોઈ યુરોપીયન મહેમાન આવે છે, ત્યારે રાજ્ય તરફથી ત્યાં મુકામ આપવામાં આવે છે.)

ન્યાય ખાતું. ન્યાય ખાતાના ઉપરીને સરન્યાયાધીશ કહે છે, તેમને ન્યાયાધીશ અને મેજીસ્ટ્રેટ સાહેબ મદદ કરે છે. તેઓ સાહેબો લેણદેણ વગેરેનાં કામો તેમજ ચોરી, ખૂન, મારામારી વગેરેના કેસો ચૂકવે છે, વળી પ્રજા રાજકાજમાં પ્રવીણ થાય ને ખર્ચમાંથી બચે તેને માટે નાના ફોજદારી કેસો તથા ખેડુતોપરના લેણદેણના દાવા ચૂકવવાની સરકારે થોડા વર્ષથી ગામ પંચને સત્તા આપી છે, તેથી ઘણી ફરિયાદો માંહોમાંહે પતે છે.

પોલિસ ખાતું. આ ખાતાના ઉપરીને પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટ કહે છે. રાજ્યના રક્ષણને માટે આ ખાતું છે. તેમના હાથ નીચે ફોજદાર ને ડિસ્ટ્રિક્ટ ફોજદાર છે, તેઓ જમાદાર, હવાલદાર, સિપાઇઓ વગેરેની મદદથી રાજ્યનો બંદોબસ્ત રાખે છે. તેમના તાબામાં કેટલાક ઘોડેસ્વાર પણ છે.

સુધરાઇ ખાતું. આ ખાતું સંવત ૧૯૬૬ની સાલથી સરકારે રૈયતના વહીવટ તળે સોંપ્યું છે. સરકાર તરફથી નીમાયલા પ્રેસીડેન્ટ મારફત સુધરાઇ ખાતાના દારોગા સાહેબ રૈયતના નીમેલા પ્રતિનિધિ અને સરકારના નીમેલા પ્રતિનિધિ મારફત રૈયતની આરોગ્યતા જાળવવાના ઉપાયો કરે છે.

જકાત ખાતું. બહાર ગામથી જે માલ શહેરમાં આવે છે તેના ઉપર જગાત લેવામાં આવે છે. તે સરકારે મુકરર કરી આપેલા દરે કેટલીક વસ્તુઓ ઉપર જગાત લે છે. તેમના ઉપરીને દારોગા સાહેબ કહે છે. તેમની ઓફીસ વહોરવાડને નાકે છે. દાણ ચોરી કરનારને દંડ કરવાની આ આધકારીને સત્તા છે.

તોશાખાના ખાતું. રાજ્યની ઉપજ ખરચનો હિસાબ તોશાખાના દફતરે રહે છે. એ ખાતાના ઉપરીને ટ્રેઝરરી ઓફીસર કહે છે, ને તેમની ઓફીસ દરબારમાંજ છે. લોકોને પૈસા જમા મૂકવા-

હોય તે માટે એક સેવીંગ્સ બેંક ઉઘાડી છે. તેમાં રૂપિયા જમા રાખે છે, ને તેનું વાજ ૩ ટકા લેખે આપે છે. તેમ શહેરના વ્યાપાર-ને ઉત્તેજન મળે, તે હેતુથી સધર જામીનગીરી ઉપર તે બેંકમાંથી લોકોને નાણાં ધીરવામાં આવે છે.

દવાખાના ખાતું. પ્રજાની તંદુરસ્તી જાળવવાને રાજ્યમાં સરકાર ખર્ચે પાંચ દવાખાના ચાલેછે, તેમાં ત્રણ શહેરમાં છે, ને બે પરગણામાં તારાપુર અને વરસડા ગામેછે. શહેરમાં કેનેડી હોસ્પિતાલ, બહુ એગમ સાહેબ દવાખાનું, અને વિકટોરીઆ ડાયમંડ જ્યુબિલિ ઝનાના હોસ્પિતાલ, એ ત્રણ દવાખાન છે. તેમાં શેહેરના બે દવાખાનામાં મેડીકલ ઓફીસરો ગ્રેજ્યુએટો છે, તેથી રોગીઓને ઘણી સગવડ છે. કેનેડી હોસ્પિતાલના ડૉકટર સાહેબ ચીફ મેડીકલ ઓફીસર કહેવાય છે, તેઓ જેલ ખાતું, શીતળા ખાતું, ને શહેરની સુખાકારી ખાતું એ ત્રણ ખાતા ઉપર દેખરેખ રાખે છે. ઝનાના હોસ્પિતાલમાં પણ સ્ત્રીઓના રોગો સંબંધી જ્ઞાનમાં પ્રવીણ સ્ત્રી ડોકટર, મીડવાઇફ વગેરે છે.

પશુઓની દવાઓ વેટરીનરી સર્જન કરે છે, તે કામ પણ સારૂં થાય છે.

કેળવણી ખાતું. પ્રજાને કેળવણી આપવાને સારૂ સરકાર કેળવણી પાછળ મોટો ખર્ચ કરે છે. ચડતી કેળવણી માટે હાઇસ્કુલ છે તેમાં ૨૨૫ છોકરાઓ હાલ ભણે છે. આ હાઇસ્કુલમાં ભણીને ઘણા ગ્રેજ્યુએટો થયેલા છે, પ્રાથમિક કેળવણી આપવા સારૂ શહેરમાં ૧ મુખ્યસ્કુલ, ૨ બ્રાન્ચો, ૧ મદ્રેસા, ૧ મુખ્ય કન્યાશાળા ૨ બ્રાન્ચ કન્યાશાળા ને એક સંસ્કૃત સ્કુલ છે. તેમ પરગણામાં ૧ અંગ્રેજી નિશાળ, ૧ કન્યાશાળા ને ૩૦ બીજી ગુજરાતી નિશાળો છે. આ બધી પ્રાથમિક નિશાળોની દેખરેખ રાજ્યની તરફથી શાળાધિકારી રાખે છે. હાઇસ્કુલ સિવાયની રાજ્યની તમામ નિશાળોની વાર્ષિક

પરીક્ષા લેવા ખેડા જીલ્લાના ડેપ્યુટી સાહેબો આવે છે. શહેરની હાઇસ્કૂલ, મૂખ્ય સ્કૂલ, છોકરાઓની બ્રાન્ચ નં. ૧ લો તથા બ્રાન્ચ નં ૨ જો મળીને ચાર નિશાળો સિવાય તમામ નિશાળોમાં ફી લીધા વગર કેળવણી આપે છે, ને તેથી વિદ્યાર્થીઓની સંખ્યા દીનપર દીન વધતી જાય છે, હાલ બે હજાર કરતાં વધારે છોકરાં પ્રાથમિક કેળવણી લે છે.

નોંધણી ખાતું. વેચાણ, ગીરો વગેરે દસ્તાવેજો નોધવા માટે આ ખાતુ છે. આ ખાતાના ઉપરીને દારોગા સાહેબ કહે છે.

જેલ ખાતું. ચોરી ખુન વગેરે મોટા ગુના કરનારને સરકાર કેદ કરે છે ને તેમને જેલમાં મોકલે છે, ત્યાંના ઉપરીને જેલર કહે છે તે તમામ કેદીઓની દેખરેખ રાખે છે, ને તેમને વણવાનું કામ શીખવાડવામાં આવે છે, કે જેથી કરીને છૂટયા પછી ફરી ગુનાહ કરવાની તેમને જરૂર રહે નહિ.

મીર ઇમારત ખાતું. આ ખાતાના દારોગા સાહેબ સરકારી જે જે મકાનો હોય તેમની દેખરેખ રાખે છે, તેમ તેમને દુરસ્ત કરાવે છે, સરકારમાં ઉપયોગી સામાન તેમની દેખરેખ નીચે તૈયાર કરાવે છે ને તે બધાનો હિસાબ રાખે છે,

લોકલ ફંડ ખાતું. સેટલમેન્ટ એકટ લાગુ પડયો ત્યારથી જમીનના આકાર ઉપર દરરૂપીએ અર્ધાઆના પ્રમાણે લોકલ ફંડ જમીનના કબજેદાર પાસેથી લેવામાં આવે છે. લોકલફંડનાં નાણાં જમીનના સરકારી ભરત ભેગાં તલાટી વસુલ કરે છે, અને તે નાણાંનો ઉપયોગ પ્રજાને ઉપયોગી બાંધકામ, પરગણાની નિશાળો, અને દવાખાના ચલાવવામાં થાય છે.

લાયબ્રેરી ખાતું. શહેરમાં વિદ્યાની વૃદ્ધિ કરવાને માટે સારા સારા લેખકોએ લખેલાં પુસ્તકો, માસિકો, ન્યુસપેપરો વગેરે મંગા-

વે છે. તેનો લાભ લોકોને મળે તે હેતુથી એક લાયબ્રેરી કાઢેલી છે, તેનું મકાન હાઇસ્કુલના નીચેના ભાગમાં છે, તેનું નામ લૉર્ડ રે લાયબ્રેરી છે, આ લાયબ્રેરીનો લાભ ઉમંગી લોકો લે છે, ખાનગી સાહસથી પણ શહેરમાં બે લાયબ્રેરી ચાલે છે.

મોદીખાના ખાતું. સરકાર ખાતે ખોરાકીની જે જે ચીજો જોઇએ તેનો સંગ્રહ કરી રાખેછે, ને જરૂર પડતી વખતો વખત આપેછે.

ગંજી ખાતું. આ ખાતામાં જે ઘાસ આવે છે, તેનો હિસાબ રાખવામાં આવે છે, તેમ દરેક સરકારી જાનવરને જે પ્રમાણે જોઇએ તે પ્રમાણે પહોચાડાવે છે.

છાપખાના ખાતું. આ ખાતામાં સરકારી કામના કાગળો દફતરો વગેરે છાપવામાં આવે છે, તેમજ દરમાસે રાજ્ય તરફથી ખંભાયત ગેઝેટ નામનું પેપર નીકળે છે, તે પણ ત્યાં છપાય છે.

ઉપર મુજબના ખાતામાં દરેક અધિકારી પોત પોતાનું કામ તાબાના માણસો સાથે રહી કરે છે, ને તે બધા ઉપર મેહેરબાન દિવાન સાહેબ દેખરેખ રાખે છે, તે સિવાય **પોસ્ટ ખાતુ.** ગવર્મેન્ટ સત્તા નીચે છે, તેમાં તાર ઓફીસ જોડાએલી છે. આ ખાતાથી વ્યાપારની ઘણી સગવડ થઇ છે, અહીંથી કાગળો, પારસલો, બેંગીઓ, મનીઓરડર વગેરે બહાર ગામ જાય છે, ને આવે છે, લોકોના હિતની ખાતર આ ખાતામાં એક સેવિંગ્સ બેંક રાખેલી છે તેમાં ત્રણ ટકાના વ્યાજથી લોકોના રૂપિયા જમા રાખે છે.

કસ્ટમ ખાતું. આ ખાતું પણ અંગ્રેજ સરકાર તરફથી અત્રે છે. પ્રથમ અહો મીઠું પાકતું હતું. મીઠા પર અંગ્રેજ સરકારે કર નાંખવાથી અહીંના સરકારને દરવરસે (રૂ ૪૦૦૦૦) આપવા કરી સને ૧૮૭૮ માં અહીં મીઠું પકવવું બંધ કરેલું છે, કોઇ માણસ મીઠું પકવે નહિ, તેની દેખરેખ રાખવાને અંગ્રેજ સરકાર

તરફથી એક અધિકારી રહે છે, તે સ્પેશિઅલ ઓફીસર કહેવાય છે.

રેલવે ખાતું—અહીંના સરકારે અહીંથી તારાપુર સુધી રેલ્વે બંધાવીને બોમ્બે બરોડા એન્ડ સેંટ્રલ ઇંડિયા રેલવે કમ્પનીને તેનો વહીવટ કરવાને સોંપી છે. જેથી ત્યાંના તમામ નોકરો એ કમ્પનીના મોકલેલા આવે છે ને કામ કરે છે. અહીંથી ત્રણ વખત ગાડી આણુંદ જાય છે ને ત્રણ વખત ત્યાંથી પાછી આવે છે. આણુંદ ગાડી જાય છે, તે દરમાંયાન આણુંદમાં મુંબઇ, અમદાવાદ, ગોધરા વગેરેથી આવેલી ગાડીઓ મળે છે, જેથી ઉતારૂઓને ઘણો વખત ત્યાં ખોટી થવું પડતું નથી. રેલ્વેથી પ્રજાને મુસાફરીનું બહુ સુખ થયું છે. સરકારને ઉતારૂઓની ઉપજ ઓછી છે, પણ માલની ઉપજ સારી છે, અને હાલ દરિયા ઉપરના સ્ટેશનથી ડક્કા સુધી રેલવે બંધાવેલી છે, તેથી ત્યાં આગબોટ આવશે એટલે માલની ઉપજ વધતી જશે એવી આશા રહે છે.

મેળાઓ—ચૈત્રી પુનમનો, શ્રાવણ માસના બીજા સોમવારે આસપાળનો, બળેવનો, કામેશ્વરનો, અનંત ચૌદશનો, ઋષિપાંચમનો, નવરાતરની આઠમનો, ને દશેરાનો એ રીતે મેળા ભરાય છે.

ચૈત્રીપુનમે લોકો દરિયે નહાવા જાય છે, તે વખતે ઘણા દુર દુરના લોકો નહાવા માટે આવે છે, ને તેથી દરિયા ઉપર મોટો મેળો ભરાય છે.

આસપાળનો મેળો અહીંથી આશરે સાત ગાઉ ઉપર ગુડેલ ગામે આસપાળનું દેરૂં છે, ત્યાં લોકો જાય છે. જેને વાળાનું દરદ હોય છે તે ત્યાંની બાધા રાખે છે, ને વાળો ચઢાવે છે.

બળેવનો મેળો. લોકો રત્નાગરને પૂજવા જાય છે, તેથી ત્યાં મોટો મેળો ભરાય છે.

કામેશ્વરનો મેળો. અહીંથી ચાર ગાઉ દુર કાણીસા ગામ પાસે

કામનાથ મહાદેવનું દેરૂં અને કુંડ છે, ત્યાં લોકો જાય છે, જેને કોઢ થયા હોય છે તે ત્યાં નહાય છે, તો ઘણે ભાગે તેમને મટી જાય-છે, એવી સમજથી દરેક વ્યતિપાતે લોકો નહાવા જાય છે. ને શ્રાવણમાસના બીજા વ્યતિપાતને દિવસે ત્યાં નહાવાનું મોટું માહત્મ કહ્યું છે, તેથી તે દિવસે ઘણા દુર દુરના લોકો ત્યાં આવે છે, ને મોટો મેળો ભરાય છે, તેમજ સાંજે ગવારા દરવાજા બહાર મોટો મેળો ભરાય છે.

કોટેશ્વરનો મેળો. ખંભાયત નજીકના નગરા ગામ પાસે કોટેશ્વર માહાદેવની જગ્યા છે, ત્યાં મહાદેવનું દેરૂં, તળાવ ને કુંડ છે. શ્રાવણ વદ ૩૦ ને દીવસે લોકો ત્યાં નહાવા જાય છે, ને સાંજે લાલ દરવાજે મોટો મેળો ભરાય છે.

ઋષિપાંચમનો મેળો. ભાદરવા શુદ ૫ ને દીવસે ધનજીશાહની પોળમાં ભરાય છે. અનંત ચોદશનો મેળો. અહીંથી ત્રણ ગાઉ દુર વડુચી માતાની વાવ છે, ત્યાં લોકો દર્શન કરવા માટે જાય છે, ને સાંજે ફતેહ દરવાજે મેળો ભરાય છે.

સ્વારીઓ. બકરીઇદની સ્વારી, રમજાન ઇદની સ્વારી, બળેવ-ની સ્વારી, ને દશેરાની સ્વારી.

ઇદને દિવસે સ્વારી દરબારમાંથી નીકળી ઇદગાએ જાય છે. ઇદગાનું મકાન ફતેહ દરવાજાથી થોડોક દુર છે.

બળેવની સ્વારી. શ્રાવણ શુદ ૧૫ ને દીવસે નામદાર નવાબ સાહેબ સવારી ચઢાવી દરિયો પુંજવા જાય છે, ત્યાંથી પાછા ફરતાં ફુરજે સરપાવ વહેચે છે, ને પછી ત્યાંથી સ્વારી નીકળી ગવારા દરવાજે થઇ, બજારમાં થઇ, દરબારમાં જાય છે. દશેરાને દિવસે સ્વારી દરબારમાંથી નીકળી બજારમાં થઇ ગવારાદરવાજે થઇ

લાલદરવાજા ભણી થઇ નારેશ્વર જાય છે, ત્યાં તે વખતે શંભુશેઠ તરફથી ધજા ચડાવવામાં આવે છે. તેઓને ત્યાં સરપાવ આપે છે, ને પછી સ્વારી લાલદરવાજામાં પેસી પીઠ, મંડઇ, ને દાણાપીઠને રસ્તે ચૌટામાં આવે છે, તે ત્યાંથી દરબારમાં જાય છે.

૧. ખંભાયત. (૨૮૦૨૮) આ સ્ટેટની રાજધાનીનું શહેર છે એની ઉત્તરે નારેશ્વરનું તળાવ ને પેલીમેર નગરાગામ છે. પૂર્વ બાજુએ શકરપુર ગામ છે, ઇશાન ખૂણામાં રેલવેનું સ્ટેશન છે, દક્ષિણ બાજુએ દરિયો છે, તેમ પશ્ચિમ બાજુએ નેડાનું તળાવ છે. અહીંના પાણીમાં એક એવો અવગુણ છે કે અત્રે થોડા વખત રહેનારને અશરફી નામનું ગુમડું શરીરના કોઇ પણ ભાગ ઉપર થાય છે, અને દવા કરવાથી મટી જાય છે, પંરતુ તેનું ચાઠું જીંદગી પર્યંત રહે છે. વળી હાલમાં સરકાર તરફથી શહેરમાં પાણીના નળ લાવવાની ગોઠવણ થાય છે, તેને માટે નારેશ્વરના તળાવ નજીક મોટા કુવાઓ ખોદવામાં આવે છે, જો તેમાં મોટા જથામાં પાણી નીકળે તો ત્યાં ટાંકીઓ વગેરે બાંધી ત્યાંથી શહેરમાં નળ લાવશે, અને તેમ થશે એટલે રૈયતને પાણીનું ઘણું સુખ થશે. (બીજી હકીકત પાછળ આવી ગઇ છે.)

૨. તારાપુર—(૪૩૨૮) એ ખંભાયતથી ઉત્તરમાં ૧૦ મેલ દુર છે, એ રેલવે સ્ટેશન છે. ત્યાં એક તલાટી તેમજ ડીસ્ટ્રીકટ ફોજદાર રહે છે. અહીં એક દવાખાનું તેમજ અંગ્રેજી તથા ગુજરાતી નિશાળ અને કન્યાશાળા છે, તેમજ પોસ્ટ ઓફીસ છે, અને વૈશ્નવોનું મંદીર છે. આ ગામમાં પાટીદાર લોકોની વસ્તી વિશેષ છે, ને તેઓ મોટા જમીનદાર છે. અહીં કાબરીનો પાક ઘણો થાય છે, તેને પીલીને તેમાંથી તેલ કાઢે છે, તેને કાબરી તેલ કહે છે,તે ખાવાના

કામમાં આવે છે. તેમજ કસુંબી પણ થાય છે. આજુબાજુનાં ગામો સારી સ્થિતિના હોવાથી અહીં વેપાર રોજગાર ઠીક ચાલે છે. અહીંથી એક મેટર રોડ ખેડા સુધી કરવાની ગોઠવણ થાય છે.

૩. **ઉંદેલ.** (૩૧૪૪) એ ખંભાતથી પૂર્વમાં ૩ ગાઉ દુર છે. પ્રથમ અહીં અફીણનો પાક સારો થતો હતો, પરંતુ તેનાપર અંગ્રેજ સરકારે જગાત નાંખવાથી તે પકવવું બંધ થયેલું છે. અહીં ઘઉં, બાજરી, કઠોળ, અળસી ડુંગળી, શકરીઆ વગેરે પાકે છે. અહીં જે ઘઉં પાકે છે, તે બારાના કરતાં જુદી જાતના છે, તેને પોપટીઆ ઘઉં કહે છે. અહીંની જમીન પાક ઉતરવામાં સારી છે, તેથી સીમમાં કૂવા ઘણા છે. અહીં એક ગુજરાતી નિશાળ ને પોસ્ટ ઓફીસ છે, તેમ તલાટી રહે છે.

૪. **શકરપુર.** (૨૨૭૦) આ ગામ શહેરથી એક ગાઉ દુર છે. અહીં એક ગુજરાતી નિશાળ છે. અહીંથી થોડે દુર બળીઆ કાકાનું સ્થાનક છે તેમજ નજીકમાં બૈધકનો કુંડ તથા તળાવ છે. આ ગામ અને શહેરની વચ્ચે એક કપાસ પીલવાનું કારખાનું છે.

૫. **કલમસર.** (૨૦૪૭) એ સાત ગાઉ દુર છે. અહીં તલાટી રહે છે, તેમ ગુજરાતી નિશાળ છે. અહીં કોતરો ઘણાં છે. અહીંની જમીનમાંથી મરડીઆ બહુ નીકળે છે. થોડું ખોદે છે, કે મોટા જથા માં તે મળી આવે છે, તેને પકાવી ચો બનાવે છે, તે ખંભાયતમાં તેમજ આજુ બાજુનાં ગામમાં મકાનો બાંધવા ને મોકલવામાં આવે છે.

૬. **સાયમા.** (૧૦૧૨) આ રેલવેસ્ટેશન છે. અહીં એક તલાટી રહે છે, અને પોસ્ટ ઓફીસ તેમજ ગુજરાતી નિશાળ છે. કામેશ્વર નહાવા જનારા લોકો આ સ્ટેશને થઇ જાય છે. અહીંથી નજીક હરિયાણુ ગામે એક પીર સીનાઅની જગ્યા છે. ત્યાં તા. ૧૫ માં

શાબાનને રોજ મોટો મેળો ભરાય છે. તે વખતે ત્યાં ઘણા દુર દુરથી મુસલમાન લોકો આવે છે. આજુબાજુના ગામમાં પણ આ પીરની માનતા ઘણી ચાલે છે.

૭. **નગરા** (૧૭૫૦)એ શહેરથી ઉત્તરમાં ૨ ગાઉ દુર છે અહીં એક ગુજરાતી નિશાળ છે, અને તલાટી રહે છે. આ ગામમાં સરકારે એક બંગલો બંધાવેલો છે તે જોવાલાયક છે.

૮. **વડગામ.** (૧૧૮૨) અહીં એક ગુજરાતી નિશાળ છે, અને તલાટી રહે છે. બારાના ભાગમાં આ ગામ મોટું છે. અહીં ઘઉં-નો ને કપાસનો પાક ઘણો થાય છે, સાબરમતી નદીનું મ્હોં બારૂં અહીં આગળ છે.

૯. **હલોલી.** (૨૨૮) આ ગામ અગીઆર ગાઉ દુર છે, દુકાળના વખતમાં સરકારે ત્યાં મોટું તાળાવ બંધાવેલું છે, તેના પાણીથી આજુબાજુની કેટલીક જમીનમાં પાક થાય છે.

૧૦. **નેજા** (૩૬૩) એ શહેરથી વાયવ્ય ખુણે ૧॥ ગાઉ દુરછે. નામદાર નવાબ સાહેબનો મુકામ ઘણું ખરૂં અહીં રહે છે. અહીં એક સુંદર બંગલો બંધાવેલો છે, તેમ મોટો બાગ છે બાગમાં ઘણી ઘણી જાતના જાનવરોનો સંગ્રહ કરેલો છે, તે જોવા લાયક છે.

ખંભાયત સંસ્થાનની ચતુર્દિશા—ઉત્તરે ખેડાજીલ્લાનો માતર તાલુકો, દક્ષિણે ખંભાયતનો અખાત, પૂર્વે ખેડા જીલ્લાનો બોરસદ તાલુકો, ને ગાયકવાડી રાજ્યનો પેટલાદ કસ્બો, પશ્ચિમે સાબર મતી નદી, ને તેની પેલીમેર અમદાવાદ જીલ્લો, એમ સાધારણ રીતે ગણાય છે. પરંતુ બધા ગામ એક જગ્યે નથી ઉપરના ગામોમાં તારાપુર, ઉદેલ, નગરા, સાયમા, કલમસર, મીતલી વડગામ ગોલાણા, સકરપુર એ ગામોનાં એક હજાર કરતાં વધારે ને પાંચ હજાર

કરતાંઓછી વસ્તી છે, ને બાકીના ગામમાં હજાર કરતાં ઓછી વસ્તી છે આ રાજ્યને તાબે કુલ્લ ૮૬ ગામ છે તે નીચે મુજબ.

ચરોતરના ગામ.

૧ તારાપુર ૨ નગરા ૩ નેજા ૪ જાલાપુર ૫ મોતીપુરા
૬ ગોકળપુરા ૭ રંગપુર ૮ જીણેજ ૯ ઇશરવાડા ૧૦ ઉંટવાડા
૧૧ જલ્લા ૧૨ મોભા ૧૩ હરિયાણુ ૧૪ સાયમા ૧૫ કાળીતલાવડી
૧૬ છતરડી ૧૭ કંસારી ૧૮નાનાકલોદરા૧૯પોપટવાવ ૨૦ વાડોલા
૨૧ ઉંદેલ ૨૨ વાસણા ૨૩ કલમસર ૨૪ ખડોદી ૨૫ ધુવારણુ
૨૬ હરિપરા ૨૭ કાંધરેટી ૨૮ ઉંદેલી ૨૯ નંદેલી ૩૦ શાહપુર
૩૧ પાંગણી ૩૨ શકરપુર ૩૩ મેતપુર

બારાનાં ગામ.

૧ નવાગામવાંટા ૨ ભુધેજ ૩ આમળીઆરા ૪ માલપુર ૫ બાદરજ ૬ ટોળ ૭ મહીઆરી ૮ લુણેજ ૯ દેહેડા ૧૦ પાલડી ૧૧ સોખડા ૧૨ માલાસોની ૧૩ ભાતતલાવડી ૧૪ જુનીઆખોલ ૧૫ નવીઆખોલ ૧૬ નવાગામબાહારા ૧૭ તામસા ૧૮ હસનપુરા ૧૯ ગુડેલ ૨૦ વરણુજ ૨૧ વડગામ ૨૨ તરકપોર ૨૩ પાંદડ ૨૪ રોહણી ૨૫ ખાકસર ૨૬ જાફરાબાદ ૨૭ પાદરા ૨૮ રહેલ ૨૯ વલ્લી ૩૦ મીતલી ૩૧ ગોલાણાહેદરપુરાસાથે ૩૨ આણંદપુરા ૩૩ ગલીઆણા ૩૪ ફતેપુરા ૩૫ રાયપુરા ૩૬ વાધાતળાવ ૩૭ ઇસનપુર ૩૮ વરસડા ૩૯ કરબારા ૪૦ પચેગામ ૪૧ ખડા ૪૨ મોટાકલોદરા ૪૩ જાફરગંજ ૪૪ નધાનપુર ૪૫ મહેમદાવાદ ૪૬ વસ્તાણા. ૪૭ કાનાવાડા ૪૮ રસાળપુર ૪૯ ઇંદરવરણા ૫૦ દલોલી ૫૧ વાંકતળાવ ૫૨ ચાંગડા ૫૩ ઇંદરણુજ.

રાજગીત.

રાગ કલ્યાણ.

રક્ષ ભૂપ જોજેને તું હે જગતપતિ,
પ્રતાપ સૂર્ય સમ અને છે ઉચ્ચતમ મતિ. રક્ષ ભૂપ. ૧

શાન્તિદા છે હિમ રશ્મિ સમ મુખાકૃતિ,
શૌર્ય ને ક્ષમા ધૃતિથી અધિક દીપતી. રક્ષ ભૂપ. ૨

કીર્તિ તું પસાર અખિલ વિશ્વમાં અતિ,
જેમ ફુલની સુવાસ વાથી પ્રસરતી. રક્ષ ભૂપ. ૩

દુશ્મનો વિખેરી તેની ધૂળ કર કૃતિ,
અરિ તમામ નાશ કર તું કોપ અનલથી. રક્ષ ભૂપ. ૪

વેલી સમ વધાર પરિવાર ભૂપતિ,
કુટુંબમાં રખાવજે પરસ્પરે પ્રીતિ. રક્ષ ભૂપ. ૫

સંપ જંપ હેતની તું નાંખ જડ ઉંડી,
ઝેર વેર વિઘ્ન સર્વ કાપ મૂળથી. રક્ષ ભૂપ. ૬

આધિ વ્યાધિ ને ઉપાધિ નાશ કર થતી,
નૃપશિરે કૃપાની વૃષ્ટિ રાખ વરસતી. રક્ષ ભૂપ. ૭

રાખ તંદુરસ્ત નિત્ય હે દયાનિધિ,
દીર્ઘ આયુ આપ એ અમારી વિનતિ. રક્ષ ભૂપ. ૮

(ગુજરાત શાળાપત્ર. ઑગસ્ટ, ૧૯૧૧)

જાહેરખબર.

માર્કીંગ ઇંક. લુગડાં ઉપર નામ લખવાની પાકી લા શાહી. આ શાહીથી લખેલું કદી જતું નથી જેથી લુગડા ખોવાવાન તેમજ ચોરાવાની બીલકુલ ધાસ્તી રહેતી નથી. કીંમત જુજ ઇં શીશી ૧ ના ૦–૨–૦ **રબરસ્ટેમ્પ ઇંક.** રબર સ્ટેમ્પના સિક્કા છાપવાની શાહી. કીંમત શીશી ૧ ના ૦–૨–૦ બ્લુબ્લેક ઇં: અખ્યાતી પામેલી સ્ટીફન્સ ઇંકની બરાબરી કરી શકે તેવી સર શાહીની શીશીઓ ૦–૪–૦, ૦–૮–૦, ૦–૧૦–૦ કપુરનો અ: અજીરણ, ચુંક, ઝાડો, ઉલટી, વગેરે વ્યાધી ઉપર ચાલે છે. કીમત શીશી ના ૦–૬–૦ **મનહરમાળા.** કવિ રેવાશંકરનું બનાવેલું મનને ખુશ કરે તેવા વિષયોથી ભરપુર પુસ્તક. કીંમત રૂ. ૧–૦–૦

આ સિવાય બાયોકેમેસ્ટ્રીના ખારક્ષારો તથા પેટંટ અને ઓરીજીનલ દવાઓ, સ્કુલમાં ચાલતી બધી જાતની અંગ્રેજી તથા ગુજરાતી ચોપડીઓ, વાંચવાલાયક નોવેલો, વાર્તાનાં અને ધર્મનાં પુસ્તકો, ડ્રોઇંગનો તમામ સામાન, નકશાઓ, એકસરસાઇઝો, ખડીઆ પેનસિલ હોલ્ડર રબર વગેરે તમામ સ્ટેશનરી દરેક જાતના ફુલસ્કેપ ને સાદા કાગળો બ્લાંકિતપેપરો બ્લોટીંગ પેપર નોટપેપર કવર કાર્ડ ચિત્રવાળા કાર્ડ લાકડીઓ છત્રીઓ ઘડીઆળો સીગાર સીગારેટ સાબુ સેન્ટ લવન્ડર લેમનજ્યુસ કોશમેટીક ડાયરી પંચાંગ માથામાં નાખવાના સુંગધીદાર તેલ કામનીઆ વગેરે ગુંથવા ભરવાના દડા લટી સોયા વગેરે સામાન સસ્તો સારો ને કીફાયતથી અમારે ત્યાં મળે છે.

દામોદર હિરાલાલ શાહ બુકસેલર,
ત્રણદરવાજા—ખંભાયત,